દલા તલવારી જેવો ઘાટ...


# વિજયનગરના પોળો જંગલમાં પ્રવાસીઓ પાસેથી ઉઘરાણું....પછી બંધ કરાયું

## પરંતુ અત્યાર સુધી લાખો રૂપિયા ખંખેર્યા તે ગયા ક્યાં..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

વિજયનગરની પોળોના જંગલમાં એન્ટ્રી ફી ના નામે પ્રવાસીઓ પાસેથી પૈસા ઉઘરાવવાનું કારસ્તાન હિંમતવાન મહિલા પ્રવાસીના કારણે ઉજાગર થતાં જિલ્લા કલેક્ટરે એજન્ટોને ઘરભેગા કરવાનો આદેશ કરી દીધો પરંતુ છેલ્લા કેટલાય સમયથી એન્ટ્રી ફી ના નામે લાખો રૂપિયા ખંખેર્યા તે ગયા ક્યાં..?? કયા વન અધિકારીના ઈશારે પૈસા ખંખેરવામાં આવ્યા..?? ખેડબ્રહ્માના ધારાસભ્ય સામાન્ય પ્રશ્ન હોય તો વિધાનસભા અને કલેકટર કચેરીએ હોબાળા મચાવતા હોય છે તો પછી ખુલ્લું ઉઘરાણું પોતાના મત વિસ્તારમાં ચાલતું હોવા છતાં લાંબા સમયથી કેમ અજાણ રહ્યા..?? કે પછી મત બેન્કમાં ગાબડું પડવાની બીકે ચૂપ રહ્યા..?? જેવી લોકચર્ચા છેડાઈ છે.

પોળો જંગલ વિસ્તાર ચોમાસા દરમ્યાન સેમી કાશ્મીર જેવો દૈદિપ્યમાન બની જતો હોય છે પરંતુ કડવી વાસ્તવિક્તા એ છે કે અનેક ભ્રષ્ટ વન અધિકારીઓએ આ વિસ્તારમાં કરોડોનો ભ્રષ્ટાચાર આદરી પોતાનાં ઘર ભર્યાં છે.




લાંચીયા અધિકારીઓને છાવરતા ઉચ્ચ અધિકારીઓના ત્યાં સાગનાં લાકડાં પહોંચાડી ભ્રષ્ટાચારને પોષતા રહ્યા..ના આક્ષેપો આજે પણ અરવલ્લીની ગીરીકંદરાઓમાં લોકમુખે સાંભળવા મળે છે. આ વિસ્તારમાં વન અધિકારીઓનું આદિવાસીઓ ઉપરનું દમણ જગજાહેર છે અને તેના કારણે જ વર્ષ-૨૦૦૮માં આંતરસુંબા આશ્રમ જેવો ગંભીર કાંડ સર્જાયો હતો. છેલ્લા કેટલાક સમયથી વન અધિકારીઓની મન માની સામે જિલ્લાના અધિકારીઓ પણ નતમસ્તક રહેતા હોવાની ગરમાગરમ વાતો હવામાં અથડાઈ રહી છે. દોઢ સપ્તાહ અગાઉ પોળોના જંગલમાં મુલાકાતે આવેલા મહિલા પ્રવાસીએ એન્ટ્રી ફી ઉઘરાવતા ફોલ્ડરીયાને પડકાર્યો. એન્ટ્રી ફી ઉઘરાવવાનો પરીપત્ર મને બતાવ, તેં એન્ટ્રી ફી નું બોર્ડ બહાર કેવી રીતે લગાવ્યું..?? તેવા ચોટદાર સવાલ કરી લાઈવ વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરતાં રાજ્યના પાટનગર ગાંધીનગરમાં બેઠા બેઠા આદેશો કરતા વન અધિકારીઓ અને સચિવો હચમચ્યા. જિલ્લા કલેક્ટરે ગંભીરતા સમજી એન્ટ્રી ફી ના નામે ઉઘરાણું કરતા એજન્ટોને ઘરભેગા કરવાનો આદેશ કર્યો. જો કે હવે આ દૂષણ દૂર થયું પરંતુ દર અઠવાડીયે ૨૫ થી ૩૦ હજાર પ્રવાસીઓ પોળોની મુલાકાતે આવતા હોય છે અને તેમની પાસેથી ૫૦ રૂા. પ્રમાણે અત્યાર સુધી કરાયેલું લાખો રૂપિયાનું ઉઘરાણું કયા હેડે વન વિભાગે ચોપડા ઉપર જમા લીધું..?? તેની વિગતો ચકાસવાનો સમય પાકી ગયો છે.

# કૂતરાં જનૂની બન્યાં : મોડાસામાં કૂતરાંના આતંકથી બચાવો, મામલો પાલિકામાં પહોંચ્યો

## વિપક્ષના કોર્પોરેટરોએ રજૂઆતનો મોરચો સંભાળ્યો

મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૦૮

ચોમાસા દરમ્યાન શહેરી વિસ્તારોમાં કૂતરાંનો આતંક વધ્યો છે. મોડાસાના લઘુમતી વિસ્તારમાં છેલ્લા સપ્તાહમાં અનેક લોકોને કૂતરાંએ બચકાં ભરી લેવાથી ઈજાગ્રસ્તોમાં હડકવા હાવિ થઈ જાય છે. મોડાસાના જમાલવા વિસ્તારમાં કેટલાંક કૂતરાં રસ્તે જતા રાહદારીઓ અને વાહન ચાલકોની પાછળ દોડી બચકાં ભરી માંસના લોચા બહાર કાઢતાં હવે હાથમાં



ઘાયલ કરતાં કૂતરાંના આતંકથી બચાવવા માટે મામલો મોડાસા પાલિકામાં પહોંચ્યો હતો. વિપક્ષના કેટલાક કોર્પોરેટરોએ ચીફ ઓફીસર જીજ્ઞેશભાઈ બારોટને મળીને રજૂઆત કરી છે.

અરવલ્લી જિલ્લામાં કૂતરાંનો સૌથી વધુ આતંક હોવાના સરકારી આંકડા જાહેર થયા છે. વર્ષો વર્ષ કૂતરાંના આતંકથી અનેક લોકોને સારવાર લેવાની ફરજ પડી છે. કેટલાક કિસ્સાઓમાં સમયસર સારવાર ન લાકડી હોય તો જ બહાર નિકળાય તેવી સ્થિતી આવી પડી છે. મોડાસા શહેરમાં કૂતરાંની વસતીને અંકુશમાં લેવા માટે આયોજન કરવાની પણ લાંબા સમયથી માંગ છે. કોરોના પછી આર્થિક તંગી ભોગવતા પરિવારો માટે કૂતરાંઓનો આતંક પણ ખર્ચાળ સાબિત થાય છે. લઘુમતી સમાજના કેટલાક કોર્પોરેટરો દ્વારા ચીફ ઓફીસરને આવેદનપત્ર આપી કૂતરાંના આતંકમાંથી મુક્તિ અપાવવાની માંગ કરી છે.



એસ વી ટી બી.એડ. કોલેજ માં આજે શૈક્ષણિક પ્રવૃત્તિ અંતર્ગત ટિફિન ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એડ સેમ ૩ ના વિદ્યાર્થીઓએ ઘરેથી જાતે વાનગી બનાવી કોલેજમાં લાવી ગ્રૂપમાં બેસીને ટિફિન ડેની ઉજવણી કરી હતી. જેમાં મેનેજીંગ ટ્રસ્ટી, પ્રિન્સીપાલ, અને સ્ટાફ મેમ્બર હાજર રહી વિદ્યાર્થીઓને ડે ની સમજણ આપી પ્રોત્સાહિત કરેલ હતા.

# અરવલ્લી જિલ્લામાં રોગચાળાથી પ્રભાવિત વિસ્તારોમાં જ દવા છંટકાવ થતાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

## વાહકજન્ય રોગચાળો બેકાબુ બનવા તરફ, દર્દીઓથી ઉભરાતી હોસ્પિટલો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બનવા લાગ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા માત્ર રોગચાળાથી પ્રભાવિત વિસ્તારોમાં જ દવા છંટકાવ થઈ રહ્યો છે જેથી અન્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધતાં આગામી સમયમાં વાહકજન્ય રોગચાળાને અટકાવવાની કામગીરી ફલોપ શો સાબિત થઈ શકે છે. વરસાદ ખેંચાયો છે અને વાતાવરણમાં ભેજની સાથે ઉકળાટ અનુભવાતાં ઘેર..ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે અને તેમાંય મચ્છરો પ્રજાનું લોહી ચૂસવા માંડતાં દર્દીઓથી હોસ્પિટલો ઉભરાવા લાગી છે.

ચોમાસાની સીઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાનો વધુ પ્રકોપ રહેતો હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાને નિયંત્રણમાં રાખવા ખાસ એકશન પ્લાન અમલમાં મૂકવામાં આવતો હોય છે પરંતુ તે માત્ર કાગળ પૂરતો સિમિત બનીને રહી જતો હોય છે. જ્યારે કોઈ ચોક્કસ વિસ્તારમાં ડેન્ગ્યુ, મેલેરીયા કે અન્ય વાહકજન્ય રોગના કેસ નોંધાય ત્યાં જ તંત્ર દોડતું થઈ દવા છંટકાવના કામ આરંભતું હોય છે જેથી અન્ય વિસ્તારો મચ્છરજન્ય રોગચાળાની લપેટમાં આવી જતા હોય છે. વર્તમાન સમયમાં વાયરલ બિમારીઓએ માથું ઉંચક્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાથી પારાવાર ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી જતાં ડેન્ગ્યુ તેમજ મેલેરીયાના કેસ બહાર આવી રહ્યા છે પરંતુ આરોગ્ય વિભાગની સર્વેલન્સ ટીમો દ્વારા માત્ર રોગચાળાથી પ્રભાવિત વિસ્તારો સુધી દવા છંટકાવની કામગીરી સિમિત રાખવામાં આવતી હોય છે જેના કારણે અન્ય નવા વિસ્તારો રોગચાળાની ઝપેટમાં આવી રહ્યા છે. માત્ર શહેરી વિસ્તારોમાં પાલિકા તંત્ર અને આરોગ્ય વિભાગના પ્રયાસોથી ફોગીંગ મશીન દ્વારા મચ્છરોનો ઉપદ્રવ નાથવાની કામગીરી થતી હોય છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં તો મચ્છરજન્ય રોગચાળાને અટકાવવાની કામગીરી પાસેરામાં પૂણી બરાબર સાબિત થઈ રહી છે.

# ટીંટીસરના કાશી વિશ્વનાથ મંદિરે લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો

## ૨ ગામના યજમાનોએ યજ્ઞમાં બેસી ધન્યતા અનુભવી

ટીંટીસર, તા.૦૮

મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર ગામે કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે શ્રાવણી અમાસે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવતાં બંન્ને ગામના કુલ-૧૧ યજમાનોએ યજ્ઞમાં બેસી વૈદિક મંત્રોચ્ચાર સાથે આહૂતિ આપી ત્યારે સ્વાહા..સ્વાહાના મંત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. શ્રાવણ માસ દરમ્યાન ભગવાન ભોળાનાથની પૂંજાઅર્ચના કર્યા બાદ ગ્રામજનો દ્વારા સામૂહીક રીતે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસનું આસ્થાપૂર્વક સમાપન થયું છે. આખો મહિનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના શિવાલયોમાં હર હર મહાદેવના નાદ સાથે ભક્તોએ શિવ આરાધના કરી પુણ્યનું ભાથું બાંધ્યું છે. સોમવારે શ્રાવણ માસનો અંતિમ દિવસ હોવાથી શિવાલયોમાં સવારથી જ ભક્તોની દર્શન માટે ભારે ભીડ જોવા મળી હતી. મોડાસા તાલુકાના ટીંટીસરના આસ્થાનું પ્રતિકસમા કાશી વિશ્વનાથ મંદિરે પણ સજાપુર સહિતના ગ્રામજનોએ આખોય શ્રાવણ માસ નિમિત્તે જળાભિષેક તેમજ બિલ્વપત્ર ચઢાવી મહાદેવની આરાધના કરી હતી જેમાં તા.૬ ના રોજ મંદિરમાં સામૂહીક રીતે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સરડોઈના



હસમુખભાઈ ગોરના આચાર્યપદે યોજાયેલા લઘુરૂદ્રમાં નરેશભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, નવનીતભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, ભાવિકભાઈ પટેલ અને મયૂરભાઈ પટેલે યજ્ઞનું યજમાન પદ શોભાવી સહીયારા પ્રયાસથી યજ્ઞ સંપન્ન કરાવ્યો હતો.

# આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ધનસુરામાં પોષણ માસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



ધનસુરા, તા. ૮

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં પોષણ માસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો પ્રિન્સિપાલ પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ ના માર્ગદર્શન હેઠળ હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટના ઉપક્રમે સરકાર દ્વારા ચાલતા પોષણ માસ ની ઉજવણી અંતર્ગત વાનગી હરીફાઈ રાખવામાં આવી હતી જેમાં ૧૫ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો આ હરીફાઈમાં નિર્ણાયકોએ પોષણની દ્રષ્ટિએ ઉત્તમ વાનગી બનાવનાર ૩ વિદ્યાર્થીની બહેનોને પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપી પ્રોત્સાહિત કર્યા હતા હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટના પ્રો.સ્નેહલત્તા બેન મહેતા,પ્રો.ભારતીબેન,પ્રો. દિપ્તીબેન નિમાવત એ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધાર્યો હતો

# રેલવે ઓવર બ્રિજ પર મહિલાએ રસ્તા રોકો આંદોલન કરતા ટ્રાફિક જામના દ્શ્યો સર્જાયા

પાલનપુર, તા.૯

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની એન્ટ્રી ગેટ પર જ આવેલો રેલવે ઓવર બ્રિજ છે લોકોના માથાના દુખાવા સમાન હતો અને ત્યાં વારંવાર ભારે ટ્રાફિક સર્જાતું લોકોએ ઘણા વર્ષોની મુશ્કેલી બાદ ધાનેરાના લોકોને નવો રેલવે ઓવર બ્રિજ મંજુર થતા લોકોએ ખૂબ જ ખુશી તેમજ ટ્રાફિક થી છુટકારો મળશે તેવી આશા બંધાણી હતી અને તે બાદ ધાનેરામાં નવા રેલવે બ્રિજનું કામકાજ પણ શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ કામકાજ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું હતું અને છેલ્લા ચાર વર્ષથી લોકો ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા ત્યારે થોડા દિવસ અગાઉ રેલવે બ્રિજનું કામકાજ પૂર્ણ થતાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું ત્યારે લોકોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો પરંતુ રેલવે ઓવર બ્રિજ ની આજુબાજુમાં સર્વિસ રોડ ના મુકતા લોકોએ ભારે નારાજગી વ્યક્ત કરી છે અને જૂનો રેલવે ઓવર બ્રિજ પણ તોડી પડાતા આજે ધાનેરા અંદર પ્રવેશવું ખૂબ જ મુશ્કેલ બની ગયું છે શાળાએ જતાં બાળકો તેમજ આવતા લોકોની ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે આ બાબતે લોકો દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી છતાં પણ



સર્વિસ રોડની કોઈ સુવિધા ના આપતા આજે મહિલાઓ રણચંડી બની હતી અને મહિલા રેલવે ઓવર બ્રિજ ના રસ્તા પર સૂઈ જતા તેમ જ રસ્તા રોકો આંદોલન કરતાં ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને અનેક વાહનચાલકો આ ટ્રાફીકમાં અટવાયા મહિલાઓની એક જ માંગ હતી સર્વિસ રોડ અને અમે અમારા બાળકો શાળાએ સલામત જઈ શકે તેવા રસ્તા ની માંગ કરી છે ટ્રાફિક જામને લઈ ધાનેરા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી પરંતુ મહિલાઓએ પોલીસ નું પણ નાં માનતા અતિ ભારે ટ્રાફિક સર્જાયો ચૂંટણી બાદ કોંગ્રેસ અગ્રણી અને ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવતભાઈ બારોટ ઘટના સ્થળે આવી સર્વિસ રોડ બાબતની મહિલાઓને ખાતરી આપતાં મહિલાઓએ ટ્રાફિક ખુલ્લો કર્યો હતો ત્યારે કોંગ્રેસ અગ્રણી અને ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ મહિલા આંદોલન કરી રહી છે તે યોગ્ય અને સરકાર આ બાબતે નહિ સાંભળે અને સર્વિસ રોડની સુવિધા નહીં આપે તો અમારે કોંગ્રેસના અગ્રણીઓએ પણ રસ્તા પર ભારે આંદોલન કરવાની જરૂર પડશે-અત્યારે તો મહિલાઓએ સમજાવટ બાદ મહિલાઓ રસ્તા પરથી હટી જતા પોલીસે કલાકોની જહેમત બાદ ટ્રાફિક દૂર કરી વાહન વ્યવહાર શરૂ કરાયો પરંતુ મહિલાઓ સાથે સાથે ચીમકી પણ ઉચ્ચારી છે કે જો દસ દિવસના અમારી માગ પૂરી કરવામાં નહીં આવે તો અમે ફરીવાર આના કરતાં પણ ઉગ્ર આંદોલન કરશું લોકાર્પણના માત્ર ૨૪ દિવસ જેટલા ટૂંકા સમયગાળામાં જ આ પુલ વિવાદિત બની ગયો છે પુલની આજુબાજુ સર્વિસ રોડના બનતા વાહનચાલકો પણ ખૂબ જ મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે અને રેલવેનો જૂનો પુલ પણ તોડી પડાતા ટ્રાફિકની સમસ્યા તે ફરીવાર માથું ઉચક્યું છે.

મોડાસાના સર્વોદયનગરમાં સામાન્ય મુદ્દે ધિંગાણું

# દલિતને ફટકારી જાતિ પ્રત્યે અપમાનિત કરાતાં એટ્રોસીટીનો ગુનો

મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૦૮

મોડાસાના સર્વોદયનગરમાં બાઈકની ઓચિંતિ બ્રેક મારવા મુદ્દે પ્રદીપ ડાહ્યાભાઈ સોલંકી સાથે ઝઘડો કરી નરેશ કનુભાઈ છારા અને પરિવારના અન્ય સભ્યોએ અપશબ્દો બોલી લાકડીથી હુમલો કરતાં ચકચાર મચી હતી. ઉશ્કેરાયેલા ઈસમોએ હુમલા બાદ જાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો બોલતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે મોડાસા ટાઉન પોલીસે એટ્રોસીટીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ મોડાસાના સર્વોદયનગરમાં મહાકાળી મંદિર નજીક રહેતા પ્રદીપ સોલંકી તા.૭ના રોજ બાઈક લઈને રોડ ઉપરથી પસાર થતા હતા જે સમયે આગળ જતી રીક્ષા ઓચિંતિ આવી જતાં બાઈકની બ્રેક મારી હતી જેમાં નરેશ છારા અને પરિવારના અન્ય સભ્યોએ પાછળથી એક્ટિવા લઈને આવતા હોવાથી અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો જેમાં ઉશ્કેરાયેલા ઈસમોએ લાકડી તેમજ લોખંડની મુઠથી ફટકારતાં દંગલ મચી ગયું હતું. ઝઘડામાં સુનિલ સોલંકીને પણ છારા પરિવારના સભ્યોએ માર મારતાં પોલીસ ફરિયાદ થઈ છે.

**આરોપી...**
નરેશ કનુભાઈ છારા
નરેશનો પુત્ર
નરેશની પત્નિ
નરેશની પુત્રવધુ
નરેશનો ભાઈ
(તમામ રહે. સર્વોદયનગર, મોડાસા)

## જન્મદિને વધામણી



અશોકભાઈ પટેલ
કડીયાદરા, તા.ઈડર



અમિતભાઈ જયસ્વાલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અંકીત મનુભાઈ પટેલ
રડોદરા, તા.બાયડ



ડૉ.શ્વેતાબેન સમીરકુમાર પટેલ
(માલપુર સામૂહીક આરોગ્ય કેન્દ્ર)
આકરૂન્દ, તા.ધનસુરા



મલય પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



સંજય પટેલ
(કે. એન. શાહ હાઈસ્કુલ-મોડાસા)
ચોઈલા, તા.બાયડ



ગીરીશભાઈ એસ. સોલંકી
(લાખેશ્વરી વિસ્તાર)
બાયડ, જિ.અરવલ્લી



ધનશ્રી સંકેત કુમાર પટેલ
ડેમાઈ તા. બાયડ



રુદ્ર નિલેશ કુમાર પટેલ
મોડાસા, જિ. અરવલ્લી